ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



**પરિમલ પટેલ**
માહિતી મદદનીશ, જિલ્લા માહિતી કચેરી, ગાંધીનગર
(૭ સપ્ટે.) મો. ૯૮૨૫૩ ૨૩૮૦૮



**ચિરાગ પી વ્યાસ**
મો. ૯૮૨૫૫ ૫૭૯૬૭



**શૈલેષ એ કાપડિયા**
મો. ૯૬૩૮૭ ૪૫૯૬૯



**જીનલ ચૌહાણ**



**રમ્ય એમ. જાદવ**
મો. ૯૪૨૯૩ ૦૦૯૬૫

## ઈસનપુર મોટા ખાતે શિક્ષકદિન નિમિત્તે જ્ઞાનકુંજ પ્રોજેક્ટનું લોકાર્પણ



ચિલોડા, તા. ૬

ગાંધીનગર તાલુકાના ઈસનપુર મોટા ખાતે એસ.વી. પટેલ પ્રાથમિક શાળામાં ૫મી સપ્ટેમ્બર સર્વપલ્લી રાધાકૃષ્ણના જન્મદિવસ નિમિત્તે જ્ઞાનકુંજ પ્રોજેક્ટ લોકાર્પણનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમનો શુભારંભ દિપ પ્રાગટ્ય દ્વારા મંત્રી નાનુભાઈ વાનાણીના વરદહસ્તે ધો. ૭, ૮ના બાળકોને ટેબલેટ દ્વારા શિક્ષણનો પ્રારંભ કર્યો હતો. જ્ઞાનકુંજ પ્રોજેક્ટ દ્વારા ડિઝિટલ સ્કીન પર ભાર વિનાના ભણતરનો પ્રારંભ થયો. ૧૦૦ જેટલા શાળાના બાળકોની મંત્રીના હસ્તે ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યું. ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં શાળાના એસ.એમ.સી.ના શિક્ષણવિદ તથા હોસ્પિટલના મંત્રી રામચંદ્રભાઈ પટેલે સ્વાગત પ્રવચન દ્વારા મહેમાનોનો પરિચય આપી શાબ્દિક સ્વાગત કર્યું હતું. ઈસનપુર ગામના વતની અગ્રણી ભાજપના કિસાન મોરચાના સભ્ય રમેશભાઈ પટેલ, શિક્ષણ વિભાગના અધિકારીઓ, શાળાના આચાર્ય કિરણભાઈ પટેલ, શાળા પરિવાર વગેરે કાર્યક્રમને સફળ બનાવવા સુંદર પ્રયાસ કર્યો હતો.




## માનવસ્મૃતિ સંસ્થાની મુલાકાતે ક્ષત્રિય ઠાકોર સેના

ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાના શહેર એકમે માનસિક વિશિષ્ઠ તથા અનાથ બાળકો માટે કાર્યરત સંસ્થા માનવસ્મૃતિની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે સેનાના સ્વયંસેવકોએ સંચાલક ભાવેશ પટેલને બિરદાવવા સાથે ૨૫૦ કિલો અનાજ અને બિસ્કિટના ૩૦૦ પેકટેસનું દાન આપ્યું હતું.

# ભારતીય પ્રણાલીગત રમતોનું નિદર્શન





એસ.જી. ઈંગ્લિશ મીડિયમ પ્રાઈમરી સ્કૂલ ના ધોરણ ૫ થી ૮ના વિદ્યાર્થીઓઓને વર્તમાન સમયના ડિજિટલ યુગના મોબાઈલ, કમ્પ્યુટર ની ગેમ થી દૂર લઈ જઈ ભારતીય પ્રણાલીગત રમતો જેવી કે ગીલી-દંડા, ભમરડા, લખોટી, સટોળિયું, પગથિયાં, કુકા, દોરડા, ચોપાટ, વગેરે. રમતોનું PPT અને ડેમો દ્વારા દર્શાવવામાં આવ્યા હતા . તેમજ આ રમતો શ માટે રમવી જોઈયે. તેનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું.

# રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે ‘શિક્ષક દિન’ ની ઉજવણી





ગાંધીનગર,તા.૬

આલમપુર ખાતેઆવેલી રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે ‘શિક્ષક દિન’ ની ઉત્સાહભેર ઉજવણી કરવામા આવી હતી. આ અંતર્ગત શાળામા વિશેષ એસેમ્બ્લિ આયોજીત કરવામા આવી હતી જેમા શાળાના શિક્ષકગણ દ્વારા સ્કિટ અને ગીત-સંગીત ના કાર્યક્રમ રજૂ કરવામા આવ્યા હતા. આ કાર્યક્રમો મુખ્યરૂપે ગુરુ- શિષ્ય સંબંધો ની વિશેષતા દર્શાવતા હતા. આજના દિવસે વિધ્યાર્થીઓ દ્વારા શિક્ષકની ભૂમિકા નીભાવામા આવી હતી. બાળકો દ્વારા શિક્ષકોને પોતાના હાથે બનાવેલા ‘થેંક યૂ કાર્ડ’ આપવામા આવ્યા હતા.




અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ સેન્ટ્રલ યુનિવર્સીટી ઓફ ગુજરાતની ટીમ દ્વારા કેમ્પસમાં ધરણા પ્રદર્શનનો કાર્યક્રમ કરવામાં આવ્યો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓની અલગ અલગ સમસ્યાઓના સમાધાનની માંગ કરવામાં આવી. આવનારા સમયમાં આ બધી સમસ્યાઓનું સમાધાન કરવામાં નહિ આવે તો અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના કાર્યકર્તાઓ એ ભૂખ હડતાળ પર બેસવાની તૈયારી પણ દર્શાવી છે. સેન્ટ્રલ યુનિવર્સીટી ઓફ ગુજરાતની સ્થાપના આંઠ વર્ષ પહેલા ૨૦૦૯માં કરવામાં આવી છે તેમ સતા હજુ સુધી કેમ્પસ બનાવવા માટે ગુજરાત સરકાર દ્વારા જમીન ફાળવવામાં આવી નથી. યુનિવર્સીટીનું પોતાનું કેમ્પસ નહિ હોવાથી વિદ્યાર્થીઓને ઘણી બધી મુશ્કેલીનો સામનો પડી રહ્યો છે. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદે ગુજરાત સરકાર દ્વારા વહેલી તકે જમીન ફાળવવામાં નહિ આવે તો સરકાર વિરુદ્ધ પણ અંદોલન કરવામાં આવશે.

# ફેન્સીંગ એસોસિએશન ઓફ ઈન્ડિયામાં ગાંધીનગરના ભરતજી ઠાકોરની વરણી






ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર સે. ૫-બીમાં રહેતા અનેઉવારસદ ગામના વતની ભરતજી ઠાકોર ફેન્સીંગ એસોસીએશન ઓફ ઈન્ડીયાના એકઝીક્યુટીવ મેમ્બર તરીકે બિન હરીફ ચૂંટાઈ આવ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ફેન્સીંગ એસોસીએશન ઓફ ઈન્ડીયા દ્વારા તા. ૫-૮-૧૭ના રોજ જાહેર કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત ૨૦-૮-૧૭ના રોજ રાયપુર, છત્તીસગઢ ખાતે યોજાયેલ. જેમાં હાઈકોર્ટના નિવત્ત જજને ચૂંટણી અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવેલ. આ ચૂંટણીમાં તમામ પદો માટેના ઉમેદવારો બિન હરીફ વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં ગાંધીનગર ફેન્સીંગ કોચ અને એસોસીએશનના મંત્રી ભરતજી ઠાકોર દ્વારા એકઝીક્યુટીવ મેમ્બરનાએ પદ માટે ઉમેદવારી નોંધાવેલ જેઓ બિન હરીફ વિજેતા જાહેર કરવામાં આવ્યા છે. આ ચૂંટણીમાં ફેન્સીંગ એસોસીશન ઓફ ઈન્ડીયાના પ્રમુખ તરીકે ઉત્તરાખંડના રાજીવ મહેતા (ઓલમ્પીક એસોસીએશન ઓફ ઈન્ડીયાના મંત્રી), જનરલ સેક્રેટરી તરીકે બસીરખાન (છત્તીસગઢ) અને ખજાનચી તરીકે અશોક દુધારે (મહારાષ્ટ્ર) બિન હરીફ વિજેતા થયેલ છે.

અત્રે નોંધનીય છે કે ફેન્સીંગ રમતમાં ગાંધીનગરમાંથી પ્રથમ વાર કોઈની રાષ્ટ્રીય કક્ષાના એસોસીએશનના હોદ્દેદાર તરીકે કોઈ ચૂંટાઈ આવેલ છે. તદ્ઉપરાંત ઠાકોર સમાજમાંથી રમત-ગમત ક્ષેત્રે રાષ્ટ્રીય કક્ષાની કારોબારીમાં ચૂંટાઈ આવનાર ભરતજી ઠાકોર પ્રથમ છે.

# સંબંધોમાં અનુમાનો : આપણે સૌ વાર્તાઓ બનાવવામાં પણ માહિર બની ગયા છીએ






એક યુવક અને યુવતીની સગાઈ થઈ. બંનેના માતા-પિતા, સગા-સંબંધી, સ્નેહો-સ્વજનોની ઉપસ્થિતિમાં. સૌની સંમતિ, રાજીપા અને ઉપસ્થિતિમાં વાજતે ગાજતે સગાઈવીધી સંપન્ન થઈ. સગાઈ અને લગ્નની વચ્ચે છએક મહિનાનો સમયગાળો રાખવાનું પણ સર્વસંમતિથી નક્કી થયું. એ સમય દરમ્યાન યુવક-યુવતી બંને એકબીજાને મળે, યુવતી પણ સાસરે આવન-જાવન કરે, યુવાન પણ સાસરે જાય અને આમ બધુ જ સુવ્યવસ્થિત ચાલતું હતું.

એક દિવસ યુવતીને વહેલી સવારે સ્વપ્ન આવ્યું. યુવતી દ્રઢપણે એવું માંથી હતી કે સવારે આવેલા સ્વપ્નો સાચા પડે. સ્વપ્નમાં યુવતીએ જોયું કે પોતાનો બનાનરો ભરથાર પેલો યુવક, એક બીજી યુવતી સાથે એક લકઝુરિયસ કારમાં બેસીએ ને લાંબી સફર ઉપર જતો હતો. પોતાના ભરથાર અને એ સંગાથે કારમાં બેઠેલી યુવતી વચ્ચે એકદમ અંતરંગ સંબંધો હોય એવું પણ યુવતીએ સ્વપ્નમાં જોયું. સ્વપ્ન પૂરું થયું અને આંખ ઊઘડી પછી યુવતી અસ્વસ્થ થઈ ગઈ. સ્વપ્ન પૂરું થયા પછી, એ સ્વપ્નના આધારે યુવતી પોતાના ભવિષ્યના ભરથાર અને પેલી સ્વપ્ન યુવતીના સંબંધો વિષે વિવિધ પ્રકારના ખોટા અનૂમાનો કરવા લાગી. યુવતીએ પોતાના ભરથાર યુવકને પણ પોતાના સ્વપ્ન વિષે વાત કરી, પોતાની શંકાઓ વિષે પણ કહ્યું, ખુલાસાઓ માંગ્યા. યુવકે શકય એટલા બધા જ ખુલાસાઓ પણ આપ્યા, પણ વાત ત્યાં ના અટકી.

યુવતીના અનુમાનો, પૂર્વાધારણાઓ આગળને આગળ વધતાં ગયા અને પોતાના એ અનુમાનો ને લઈને યુવતી પોતે વધારે ને વધારે અસ્વસ્થ રહેવા લાગી. યુવતીના વર્તનમાં પરીવર્તન આવવા લાગ્યું. યુવતીનો એ યુવક અને પોતાના સાસરિયાં પ્રત્યેનાઓ સકારાત્મક અભિગમ નકારાત્મક થઈ ગયો. આમ થવાને કારણે ધીમે ધીમે એ યુવક અને યુવતી વચ્ચેના સંબંધોમાં તિરાડ પડી ગઈ ને સમય જતાં એ તિરાડ એટલી મોટી થઈ ગઈ કે છેવટે બંનેને લાગ્યું કે હવે આ સંબંધ આગળ નહીં વધે અને આગળ વધશે તો લાંબો સમય ટકશે નહીં એટલે બંને વચ્ચેની સગાઈ તોડવાનો નિર્ણય લઈ લીધો. યુવક નિર્દોષ હતો પણ યુવતીએ કરેલા ખોટા અનુમાનોને કારણે બંનેના જીવનમાં અકલ્પનીય દુર્ઘટના બની ગઈ.

દરેક વ્યક્તિ હંમેશા કોઈ ને કોઈ પ્રકારના અનુમાનો કે પૂર્વધારણા કરતી જ હોય છે. એ અનુમાનો કોઈ વ્યક્તિ વિશેના હોય, કોઈ ઘટના વિશેના હોય કે કોઈ અન્ય કોઈપણ પ્રકારના હોય શકે. પૂર્વધારણા કે અનૂમાનો એટલે કોઈ એક વિચારને સંપૂર્ણ સત્ય માની અને એ જ વિચારના આધારે બીજા વિચારોની હારમાળા આગળ વધારવી. અનુમાન કે પુરવધારનાઓમાં મૂળ વિચાર સત્ય છે કે નહીં એની ખાતરી ભાગ્યે જ કરવામાં આવે છે. જ્યાં સત્યની ખાતરી કરવામાં આવે એ ત્યાં અનુમાનોની શૃંખલા આગળ વધી શક્તિ નથી.

પૂર્વધારણા એ અજ્ઞાનની જન્મદાત્રી છે. પુરવધારણા વ્યક્તિને સત્યજ્ઞાન સુધી પહોચવામાં બધારુપ નીવડે છે પરિણામે વ્યક્તિ અજ્ઞાની જ રહી જાય છે. એક પૂર્વધારણા બીજી પૂર્વધારણાને નોતરે છે. બીજી ત્રીજીને, ત્રીજી ચોથીને અને આમ પૂર્વધારણાની હારમાળા સર્જાય છે. વ્યક્તિના મનમાં સતત વહેતું આ પૂર્વધારણાનું વહેણ ક્યાં જઈને અટકશે એ કોઈ કહી શકતું નથી, અલબત એ સત્ય સુધી ભાગ્યે જ પહોંચી શકે છે.

આપણને સૌને બાળપણથી જ વાર્તાઓનું આકર્ષણ રહ્યું છે. મોટાભાગની વાર્તાઓમાં એક કલ્પના કે અનુમાન સિવાય કશું જ નથી હોતું. બાળપણથી જ આપણને ગમતી વાર્તાઓ સાંભળી સાંભળીને આપણે સૌ વાર્તાઓ બનાવવામાં પણ માહિર બની ગયા છીએ. એટલે જ કોઈને કોઈ વ્યક્તિ વિષે, કોઈ ને કોઈ સંબંધો વિષે, કોઈ ને કોઈ પ્રકારની, કોઈ પણ સમયે ખૂબ જ સરળતાથી અને અસરકારક વાર્તાઓ બનાવી લઈએ છીએ. એ વાર્તા પણ એવી જે તદ્દન પાયાવિહોણી હોય અને સત્ય સાથે કઈ જ લેવાદેવા ના હોય. ક્યારેક તો આવી વાર્તાનો કઈ તર્ક પણ નથી હોતો. વાર્તા બનાવ્યા પછી ઘણીવાર આપણે એ વાર્તાનો ક્યારેક ઢાલ તરીકે ઉપયોગ કરીએ છીએ જેથી આપણને ઈજા ના થાય અને ક્યારેક જરૂર પડે તો એ વાર્તાનો આપણે બીજી વ્યક્તિ ઉપર વાર કરવા માટે શસ્ત્ર તરીકે પણ ઉપયોગ કરી લઈએ છીએ. જે વાર્તા તદ્દન પાયા વિનાની જ હોય, સત્ય સાથે એ વાર્તાને કોઈ સ્નાન-સૂતકનો પણ સંબંધ ના હોય એવી વાર્તાઓ કે પૂર્વાનુમાનોનો શસ્ત્ર કે ઢાલ તરીકે ઉપયોગ જેની સામે ઉપયોગ કરીએ છીએ એ વ્યક્તિને તો નુકશાન થાય જ છે સાથે સાથે આપણને પણ ક્યારેક મોટું નુકશાન થતું હોય છે જેની આપણ ને જાણ પણ નથી હોતી. ક્યારેક આવા પાયા વિનાના અનુમાનોને આધારે બનાવેલી વાર્તાઓ આપણાં અને અન્યના જીવનમાં પાયમાલી પણ નોતરી શકે છે.

માનવીય સંબંધોમાં પણ ખૂબ જ નાનીનાની વાતોમાં આપણે પૂર્વાનુમાનો કરતાં રહીએ છીએ. કોઈને આપણે ફોન કરીએ ને એ વ્યક્તિ એ જ સમયે ફોન ઉપાડે નહીં ત્યારે આપણે અનુમાનો કરીએ છીએ, કોઈને આપણે મોબાઈલ ઉપર સંદેશો (મેસેજ) મોકલીએ તેનો સમયસર પ્રતીભાવ ના મળે ત્યારે આપણે અનુમાનો કરીએ છીએ. કોઈ સંબંધી આપણને રસ્તામાં કે કોઈ પ્રસંગમાં મળી જાય, આપણે તેની સાથે વાતચીત કરવાનો પ્રયત્ન કરીએ પણ એ સમયે આપણને એ વ્યક્તિનો યોગ્ય પ્રતીભાવ ના મળે ત્યારે આપણે અનુમાનો કરીએ છીએ. આપણે ઘેર કોઈ સારો-નરસો પ્રસંગ હોય અને એ પ્રસંગમાં અપેક્ષિત સ્નેહી-સંબંધી ઉપસ્થિત ના રહે ત્યારે આપણે અનુમાનો કરીએ છીએ. આપણે મુશ્કેલીમાં હોઈએ ત્યારે કોઈ અપેક્ષિત વ્યક્તિ પાસેથી અપેક્ષિત મદદ ના મળે ત્યારે આપણે અનુમાનો કરીએ છીએ. આવા કે આ પ્રકારના ઘણા સંજોગોમાં આપણે સંબંધી, મિત્રો, સ્નેહીઓ, સ્વજનો કે આપ્તજનો પ્રત્યેથી જ્યારે યોગ્ય પ્રતિભાવ નથી મળતો ત્યારે આપણે અસ્વસ્થ થઈ જઈએ છીએ. અસ્વસ્થ થઈ જઈએ પછી આપણુંમન વિવિધ પ્રકારના પાયા વિહોણા અનુમાનોમાં આંધળું બની જાય છે. આવું થયા પછી આપણે અનુમાનોની એક વણઝારની સાથે દોડતા થઈ જઈએ છીએ.

(ક્રમશઃ)




(૧) ૨૦૧૭માં ભારતને કયા દેશે રાષ્ટ્રીય રાજમાર્ગ-૩૭ દ્વારા ડિઝલનો પ્રથમ જથ્થો મોકલ્યો હતો ?
(એ) શ્રીલંકા
(બી) નેપાળ
(સી) મ્યાનમાળ
(ડી) ચીન

(૨) ૨૦૧૭માં કેન્દ્ર સરકારે કયા મિશનને ઝડપથી પૂર્ણ કરવા આંતર મંત્રાલય કાર્યબળ બનાવવાની જાહેરાત કરી છે ?
(એ) નમામી યમુને મિશન (બી) નમામિ ગંગે મિશન
(સી) નમામી કૃષ્ણા મિશન (ડી) ઉપરમાંથી કોઈ નહીં

(૩) ૨૦૧૭માં નીચે પૈકી કયા મહાનુભાવને ‘પ્લસ એલાયંસ’ પુરસ્કાર આપવામાં આવ્યો છે ?
(એ) નારાયણ મૂર્તિ (બી) સુધા મૂર્તિ
(સી) નંદન નિલેકણી (ડી) પી. ચિદમ્બરમ્

(૪) ઈન્ફોસીસના સ્થાપક નારાયણ મૂર્તિ સાથે અન્ય કઈ મહિલાને ‘પ્લસ એલાયંસ પુરસ્કાર’ પ્રદાન કરવામાં આવ્યો ?
(એ) વીણઆ સબરવાલ (બી) વીણા સુરજેવાલા
(સી) વાણી શિવનારાયણ (ડી) વીણા સહજવાલા

(૫) વન-ડે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૧૦૦ સ્ટમ્પિંગ આઉટ કરવાવાળો પ્રથમ વિકેટકિપર કોણ બન્યું છે ?
(એ) મહેન્દ્રસિંહ ધોની (બી) કુમાર સંગાકારા
(સી) એડમ ગિલક્રિસ્ટ (ડી) માર્ક બાઉચર

(૬) ૨૦૧૭માં સુપ્રીમ કરોટો કઈ જાતિના મુસલમાનોને દેશની બહાર કાઢી મૂકવાની યોજના પર કેન્દ્ર સરકાર પાસે જવાબ માંગ્યો છે ?
(એ) સૈયદ (બી) ફલાહી
(સી) રોહિંગ્યા (ડી) મસૂદ

(૭) ૨૦૧૭માં કયા દેશમાં ‘દીપડા’ના સંરક્ષણ માટે વિશેષ યોજના શરુ કરવામાં આવી છે ?
(એ) ભારત (બી) તિબ્બત
(સી) ચીન (ડી) નેપાળ

(૮) દિલ્હી અને પંજાબ બાદ કયા રાજયમાં ‘આમ આદમી પાર્ટી’એ ચૂંટીની જીત હાંસલ કરી છે ?
(એ) ગુજરાત (બી) મધ્યપ્રદેશ
(સી) રાજસ્થાન (ડી) ઉત્તરાખંડ

(૯) દવા કંપની નોવાર્ટિસના નવા સીઈઓ પદે કોની નિયુક્તિ કરવામાં આવી છે ?
(એ) વસંત પુરોહિત (બી) વસંત નરસિમ્હન
(સી) વ્રજમોહન સિંહ (ડી) વ્રજરાજ સિંહ

(૧૦) ૨૦૧૭માં ભારતની કઈ મહિલા ખેલાજીએ કોમનવેલ્થ યુથ વેટલિફ્ટિંગમાં ૪૪ કિ.ગ્રા વર્ગમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો ?
(એ) અનિતા દેવી (બી) એમ. માધુરી
(સી) કુસુમ ગોવલીકર (ડી) કોસામ ઓર્મિલા દેવી